**વિભાગ-૧, નવી બાબત વર્ષ ૨૦૧૪-૨૦૧૫**

રાજ્યમાં ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓની કન્યા
તાલીમાર્થીઓને વિદ્યાસહાય યોજના હેઠળ
સાયકલ ભેટ આપવા બાબતે

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૧૪/૨૯૭૧૧૩/૨(૨)
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૯/૦૮/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) આયુક્તશ્રી.રોજગાર અને તાલીમના તા.૧૫/૦૪/૨૦૧૪ના પત્ર ક્રમાંક: એસટીસી/ST Pass /૨૦૧૪/91/501536

(2) આયુક્તશ્રી,રોજગાર અને તાલીમના તા.૧૫/૦૪/૨૦૧૪ના પત્ર ક્રમાંક : એસટીસી/ST Pass/ / ૨૦૧૪ / 14897

ઠરાવ :-

રાજ્યના સર્વાંગી વિકાસ, કૌશલ્ય વર્ધન, આર્થિક વર્ધનમાં પરિણમે તે માટે કૌશલ્ય વિકાસની તાલીમ આપી રોજગારી સર્જન કરવાના આશયથી રાજ્યના યુવક/યુવતીઓને તાલીમબધ્ધ કરવા માટે આઇ.ટી.આઇ. માં તાલીમ આપવામાં આવે છે. રાજ્યમાં ૨૬૩ સરકારી ઔદ્યોગિક તાલિમ સંસ્થા ઓ પૈકી ૨૦ સંસ્થા મહિલા આઇ.ટી.આઇ છે. રાજ્યની આ આઇ.ટી.આઇ. માં ૧૧૧૯૭૨૬ બેઠકો, પર તાલીમ સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ૩૧૮૮૪ બેઠકો પર મહિલા તાલીમાર્થી માટે તાલીમ સુવિધા ઉપલબ્ધ છે. આ તાલીમાર્થી સામાન્યતયા ગરીબ અને પછાતવર્ગમાંથી આવે છે. રાજ્યમાં અંતરિયાળ વિસ્તારના નાના ગામોમાં મહિલાઓને વ્યવસાયિક તાલીમની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રોજગારી / સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાના આશયથી જુદા-જુદા વ્યવસાયની તાલિમ આપવામાં આવે છે.. આ તાલીમનો રાજ્યની જરૂરિયાત-મંદ યુવતીઓ મહત્તમ લાભ લઇ રહ્યા છે. આ માટે નજીકના સ્થાને તાલીમ માટે આવતી મહિલાઓને આવન-જાવનમાં સહાયભૂત થવા તથા મહિલાઓ માટે પ્રોત્સાહક પ્રવૃતિ તરીકે અને ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવા માટે ૮૦૦૦ મહિલાઓને સાયકલ ભેટ આપવા સને ૨૦૧૪-૨૦૧૫માં નવી બાબત રજૂ કરેલ છે. મહિલા આઇ.ટી.આઇ. તાલીમાર્થી માટેના ટ્રેડ સામાન્યતયા ૩-મહિનાથી ૧-વર્ષની ટ્રેનિંગ સમયગાળો ધરાવે છે.આઇ.ટી.આઇ.ની મહિલા તાલીમાર્થી માટે સાયકલ આપવા બાબતની રોજગાર અને

તાલિમ નિયામકશ્રી દ્વારા સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટેની વિભાગ-૧ની નવી બાબતની દરખાસ્તમાં ₹૨૦૦/- લાખની જોગવાઇને નીચે મુજબ મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) આ યોજના અંતર્ગત આઇ.ટી.આઇ. માં છ-માસથી વધુ સમયના ટ્રેડ/કોર્સમાં તાલીમ લેતી કન્યાઓને જ સાયકલ આપવાની રહેશે.

(૨) કન્યાના વાલીની આવક મર્યાદાનું ધોરણ શહેરી વિસ્તાર માટે ₹ ૩૬,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે ₹૨૭૦૦૦/- રહેશે.

(૩) સાયકલ સહાયનું ધોરણ ગ્રીમકો દ્વારા ટેન્ડર મુજબના જે નીચા ભાવે મળે તે અથવા વધુમાં વધું ₹૨૫૦૦/- રહેશે.

(૪)સા.ન્યા.અને અધિકારિતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગની આ પ્રકારની યોજના સાથે સામ્યતા રાખવાની રહેશે.

(૫) કન્યાના રહેઠાણ થી આઇ.ટી.આઇ.નું અંતર મર્યાદાના બાધ વિના કન્યા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની રહેશે.

પ્રસ્તુત યોજના ને ના.વિ.ની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ શ્રમ અને રોજગાર વિભાગના બજેટ સદર હેઠળ ઊધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૫૬ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ |
| પેટા સદર. | : | (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) |

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૯૬ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર. | : | (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) |

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૯૫ |
| મુખ્ય સદર. | : | ૨૨૩૦ શ્રમ અને રોજગાર |
| પેટા મુખ્ય સદર. | : | ૦૩ તાલીમ |
| ગૌણ સદર. | : | ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ |
| પેટા સદર. | : | (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) |

શરતો :-

૧. સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષનાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇઓને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨. આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

૩. આ મંજુરી અન્વયે જરૂર હોય તેટલી જ ખરીદી રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નીતિ-નિયમોનુસાર કરવાનો રહેશે.

૪. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પ્રધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. ખર્ચ થઇ શકે તેમ ન હોય તો બચત સુપ્રત કરવા અંગેની તમામ તકેદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમે રાખવાની રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૪/૦૮/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.બી. પટેલ)
ઉપ સચિવ (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૨. મહાલેખાકારશ્રી, અમદાવાદ / રાજકોટ.
૩. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
૫. નાણાં વિભાગ, ક- શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં સલાહકારશ્રી, (શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. બજેટ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. બજેટ શાખા , સામાજીક ન્યાય અને અધિકારીત વિભાગ
૯. બજેટ શાખા, / ૨.૧ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સિલેક્ટ ફાઇલ / ૨ (૨) શાખા. ૧૧.. નાયબ સેક્શન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઇલ.